# GSSSB CBRT Adv 378 CCE 2026

| | |
|---|---|
| Test Date | 25/09/2026 |
| Test Time | 9:00 AM - 11:00 AM |
| Subject | 378 Combined Competitive Examination |

Section : **English**

**Q.1** **"How early will you finish the work?" નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?**

Ans
- ✗ 1. તમે કામ ક્યારે શરૂ કરશો?
- ✓ 2. તમે કેટલું વહેલું કામ પૂરું કરશો?
- ✗ 3. તમે કેટલું મોડું કામ પૂરું કરશો?
- ✗ 4. તમે કામ પૂરું કરી દીધું છે?

**Q.2** **Keeping the first segment (1) fixed, arrange the rest of the segments (A–E) in the correct order to form a meaningful and coherent sentence.**

**Before the competition**
**A. practiced their routines**
**B. the dancers**
**C. in the rehearsal hall**
**D. for several hours**
**E. hoping to win the trophy**

Ans
- ✗ 1. B C A E D
- ✗ 2. E A D B C
- ✗ 3. C D B E A
- ✓ 4. B A C D E

**Q.3** **Choose the one word that best describes the following.**
**A person who is indifferent to pleasure or pain; shows self-discipline and endurance.**

Ans
- ✓ 1. Stoic
- ✗ 2. Austere
- ✗ 3. Ascetic
- ✗ 4. Spartan

**Q.4** **Complete the sentence with an appropriate word.**
**The frightened cat ran _______ into the garden after hearing the loud noise.**

Ans
- ✗ 1. gracefully
- ✗ 2. slowly
- ✗ 3. lazily
- ✓ 4. suddenly

**Q.5** **Choose the correct form of the future tense from the options given below:**
**I ------------- this library regularly as it contains very rare collection of books.**

Ans
- ✓ 1. Shall be visiting
- ✗ 2. Would visit
- ✗ 3. Will have been visiting
- ✗ 4. Would be visiting

**Q.6** **Select the most appropriate option to complete the given sentence.**

**The villagers gathered in the temple to _____ for a good harvest, while the hungry tiger searched through the forest for its ______.**

**Ans**
1. pray, prey ✔
2. prey, prey ✘
3. pray, pray ✘
4. prey, pray ✘

**Q.7** **Convert the sentence from Future Simple into the Future Perfect tense:**
**The astronauts will return from their lunar mission next month.**

**Ans**
1. The astronauts will have returned from their lunar mission next month. ✔
2. The astronauts returning from their lunar mission next month. ✘
3. The astronauts will be returning from their lunar mission next month. ✘
4. The astronauts will have been returning from their lunar mission next month. ✘

**Q.8** **Select the option that correctly converts the given sentence into the passive voice.**
**Light the bulb immediately.**

**Ans**
1. The bulb is being lighted immediately. ✘
2. Let the bulb be lit immediately. ✔
3. Let be the bulb light immediately. ✘
4. Light the bulb by someone immediately. ✘

**Q.9** **Choose the correct option to complete the given sentence.**

**His tone during the debate was surprisingly ______ for someone known for his patience and restraint.**

**Ans**
1. harsh ✔
2. polite ✘
3. thoughtful ✘
4. modest ✘

**Q.10** **Choose the correct option for the blank.**
**She attended __ United Nations conference that focussed on energy conservation last year.**

**Ans**
1. a ✘
2. No article required ✘
3. an ✘
4. the ✔

**Q.11** **Choose the synonym for the bold word in the sentence.**
**She was elated after hearing the good news.**

**Ans**
1. ecstatic ✔
2. serious ✘
3. dejected ✘
4. tired ✘

**Q.12** **Select a single word for the highlighted segment from the options which has nearly the same meaning as given in the sentence.**
**The old man lived a <u>life of complete isolation</u>.**

**Ans**
1. Desolation ✘
2. Fission ✘
3. Evasion ✘
4. Seclusion ✔

Q.13 **Transform the given complex sentence into a compound sentence.**

**Although it was raining, we went for a walk.**

Ans
✗ 1. If it was raining, we went for a walk.
✓ 2. It was raining, but we went for a walk.
✗ 3. We went for a walk because it was raining.
✗ 4. When it was raining, we went for a walk.

Q.14 **Select the most appropriate option to fill in the blank.**

**The coach said, "If you train consistently, you _______ notice a marked improvement in your endurance within six weeks."**

Ans
✗ 1. shall have
✗ 2. would
✗ 3. could have
✓ 4. will

Q.15 **Select the most appropriate meaning of the given idiom: bite the bullet.**

Ans
✗ 1. Win despite disadvantages and disagreement
✓ 2. Accept a difficult situation with courage
✗ 3. Start a conflict immediately after a war
✗ 4. Ignore serious advice given by a well wisher

Section : **Gujarati**

Q.16 **'આગગાડી' શબ્દનો સમાસ ઓળખાવો.**

Ans
✗ 1. તત્પુરુષ
✗ 2. કર્મધારય
✓ 3. મધ્યમપદલોપી
✗ 4. દ્વંદ્વ

Q.17 **સમય જતાં ભાષાના અવાજો અને ઉચ્ચારણમાં જે ધીમો ફેરફાર થાય છે તેને શું કહેવાય?**

Ans
✓ 1. ધ્વનિ પરિવર્તન
✗ 2. ધ્વનિ લોપ
✗ 3. ધ્વનિ સામ્ય
✗ 4. ધ્વનિ સંઘર્ષ

Q.18 **નીચેનામાંથી સાચો ક્રમ કયો છે?**

Ans
✗ 1. ય, લ, ર, વ
✗ 2. લ, ય, ર, વ
✓ 3. ય, ર, લ, વ
✗ 4. ર, ય, લ, વ

Q.19 **'અકરમીનો પડિયો કાણો' કહેવતનો સાચો અર્થ કયો છે?**

Ans
✓ 1. કમનસીબ માણસને દરેક કાર્યમાં મુશ્કેલી આવે છે.
✗ 2. બુદ્ધિશાળી માણસ ભૂલ કરતો નથી.
✗ 3. નસીબદાર માણસને હંમેશા સફળતા મળે છે.
✗ 4. મહેનત કરનારને સફળતા મળતી નથી.

Q.20 આ સાથે આપેલ ગુજરાતી વાક્યનો યોગ્ય અંગ્રેજી અનુવાદ ઓળખાવો : માધવ ગીત ગાય છે.

Ans
❌ 1. Madhav sing a song.
✔ 2. Madhav sings a song.
❌ 3. Madhav singing a song.
❌ 4. Madhav is sing a song.

Q.21 આપેલ વિકલ્પમાંથી શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો : પોતાની જાતને સંપૂર્ણપણે સમર્પિત કરવી

Ans
✔ 1. આત્મસમર્પણ
❌ 2. આપકર્મી
❌ 3. આત્મસંયમી
❌ 4. અભોગ

Q.22 'જન્મ' શબ્દનો વિરુદ્ધાર્થી કયો છે?

Ans
✔ 1. મરણ
❌ 2. બાળપણ
❌ 3. જીવન
❌ 4. વિકાસ

Q.23 સાચી જોડણીવાળું વાક્ય શોધો:

Ans
❌ 1. પ્રતિકુળ સંજોગોમાં પણ ધીરજ રાખવી એ જ બુદ્ધિમાની છેં.
❌ 2. પ્રતિકૂળ સન્જોગોમાં પણ ધિરજ રાખવી એ જ બુદ્ધીમાની છે.
❌ 3. પ્રતીકૂળ સંજોગોમાં પણ ધીરજ રાખવી એ જ બુધ્ધિમાની છે.
✔ 4. પ્રતિકૂળ સંજોગોમાં પણ ધીરજ રાખવી એ જ બુદ્ધિમાની છે.

Q.24 નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.

Ans
❌ 1. નિયમિત વાંચનથી આપણી ભાષા અને વિચારો સમૃદ્ધ બને છે!
❌ 2. નિયમિત વાંચનથી, આપણી ભાષા અને વિચારો સમૃદ્ધ બને છે?
✔ 3. નિયમિત વાંચનથી આપણી ભાષા અને વિચારો સમૃદ્ધ બને છે.
❌ 4. નિયમિત વાંચનથી આપણી ભાષા; અને વિચારો સમૃદ્ધ બને છે.

Q.25 'મ્ + આ + ત્ + આ' ઘટકોનો સાચો શબ્દ કયો?

Ans
✔ 1. માતા
❌ 2. મોતા
❌ 3. મતા
❌ 4. માત

Q.26 અલંકાર ઓળખાવો: ધ્યાન તો ગંભીર સાગર છે.

Ans
❌ 1. સજીવારોપણ અલંકાર
❌ 2. દ્રષ્ટિહીન અલંકાર
❌ 3. ઉત્પ્રેક્ષા અલંકાર
✔ 4. રૂપક અલંકાર

Q.27 નીચેનામાંથી સંજ્ઞા સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો:

Ans
❌ 1. ભારે પથ્થર ખસેડવા માટે ચાર માણસ જોઈશે.
❌ 2. તારાથી આવી ભૂલની અપેક્ષા નહોતી.
✔ 3. દરિયામાં મોટા મોજાં સતત ઉછળે છે.
❌ 4. તે સરસ કાગળ કાપે છે.

**Q.28** **"વર્ણન" શબ્દનો સાચો અંગ્રેજી શબ્દ કયો છે?**

**Ans**
- ✗ 1. Hide
- ✓ 2. Description
- ✗ 3. Silence
- ✗ 4. Cover

**Q.29** **'અપમાન' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.**

**Ans**
- ✓ 1. ઉપેક્ષા
- ✗ 2. આદર
- ✗ 3. સન્માન
- ✗ 4. ગૌરવ

**Q.30** **બપોરવેળા વડલા તળે ત્યાં : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.**

**Ans**
- ✗ 1. ઇન્દ્રવજ્રા
- ✗ 2. વંશસ્થ
- ✓ 3. ઉપેન્દ્રવજ્રા
- ✗ 4. તોટક

## Section : General Awareness and Current Affairs

**Q.31** **નીચેનામાંથી કઈ સ્થિતિ ચૂનાના પથ્થરની ગુફાઓની અંદર નિક્ષેપણથી બનતા ભૂમિસ્વરૂપોની રચના માટે સૌથી પ્રત્યક્ષ રીતે જવાબદાર છે?**

**Ans**
- ✗ 1. પવન દ્વારા ફૂંકાઈને આવેલા કાંપ (wind-blown sediments)નો સંચય
- ✗ 2.
ગુફાના પાણીનું ઠરી જવું અને પીગળવું
- ✓ 3.
દ્રાવણમાંથી કેલ્શિયમ કાર્બોનેટનું નિક્ષેપણ
- ✗ 4. ભૂગર્ભજળના પ્રવાહો દ્વારા ઝડપી ઘસારણ (Rapid erosion)

**Q.32** **શહેરી ભારત કરતાં ગ્રામીણ ભારતમાં શ્રમિક-વસ્તી ગુણોત્તર વધુ હોવાનું નીચેનામાંથી કયું કારણ ઉત્તમ રીતે સમજાવે છે?**

**Ans**
- ✗ 1. ગ્રામીણ કુટુંબોમાં રોજગારીની પસંદગીની વ્યાપક તકો
- ✓ 2. કુટુંબના સભ્યો માટે આવક કમાવવાની વધુ જરૂરિયાત
- ✗ 3. ગ્રામીણ વિસ્તારોમાં ઉચ્ચ શૈક્ષણિક પ્રાપ્તિ સ્તર
- ✗ 4. ગ્રામીણ વિસ્તારોમાં કૌશલ્ય આધારિત નોકરીઓની વધુ ઉપલબ્ધતા

**Q.33** **સર્પાકાર નદીઓ (meandering rivers) ના કિનારે અથવા વળાંકવાળા માર્ગોની આસપાસ સામાન્ય રીતે કયા પ્રકારનો વસાહત પ્રણાલી (settlement pattern) જોવા મળે છે?**

**Ans**
- ✗ 1. તારા આકારની પ્રણાલી (Star-shaped pattern)
- ✓ 2. અર્ધ-વર્તુળાકાર પ્રણાલી (Semi-circular pattern)
- ✗ 3. લંબચોરસ પ્રણાલી (Rectangular pattern)
- ✗ 4. ચોકડી આકારની પ્રણાલી (Cross-shaped pattern)

**Q.34** **એક સીટી (whistle) અને એક ડ્રમને સામાન પ્રબળતાથી વગાડવામાં આવે છે. સામાન્ય રીતે ડ્રમની બીટ કરતાં સીટીનો અવાજ શા માટે વધુ તીણો (higher pitch) હોય છે?**

**Ans**
- ✗ 1. સીટી વધુ તીવ્રતા સાથે ધ્વનિ ઉત્પન્ન કરે છે.
- ✓ 2. સીટી ઉચ્ચ આવૃત્તિ ધરાવતા ધ્વનિ તરંગો ઉત્પન્ન કરે છે.
- ✗ 3. સીટી વધુ કંપવિસ્તાર સાથે કંપનો ઉત્પન્ન કરે છે.
- ✗ 4. સીટી લાંબી તરંગલંબાઈ ધરાવતા ધ્વનિ તરંગો ઉત્પન્ન કરે છે.

Q.35 પર્ણનો કયો પહોળો, સપાટ અને લીલો ભાગ મુખ્યત્વે પ્રકાશસંશ્લેષણ માટે જવાબદાર છે?

Ans ✗ 1. શિરા (Vein)

✓ 2. પર્ણપત્ર (Lamina)

✗ 3. મધ્યશિરા (Midrib)

✗ 4. પર્ણદંડ (Petiole)

Q.36 નીચેનામાંથી કયું વિધાન ભારતમાં કેન્દ્રીય મંત્રીમંડળ (Union Cabinet) અને મંત્રી પરિષદ (Council of Ministers) વચ્ચેનો તફાવત સાચી રીતે દર્શાવે છે?

Ans ✗ 1. મંત્રીમંડળ તમામ મંત્રીઓનું બનેલું હોય છે, જ્યારે પરિષદમાં માત્ર વરિષ્ઠ સભ્યોનો સમાવેશ થાય છે.

✗ 2. મંત્રી પરિષદ નાની હોય છે, જ્યારે મંત્રીમંડળમાં મંત્રીઓના મોટા સમૂહનો સમાવેશ થાય છે.

✗ 3. મંત્રીમંડળ અને મંત્રી પરિષદ સમાન કાર્યો અને ભૂમિકાઓ ધરાવતી સમાન સંસ્થાઓ છે.

✓ 4.
મંત્રીમંડળ એક નાનું જૂથ છે, જ્યારે પરિષદમાં તમામ શ્રેણીઓના મંત્રીઓનો સમાવેશ થાય છે.

Q.37 પાટલીપુત્રમાં આયાત-નિકાસ કર અને આંકડાકીય માહિતી સંભાળતી સમિતિઓની ઉપસ્થિતિ મૌર્ય વહીવટી તંત્રની કઈ લાક્ષણિકતા દર્શાવે છે?

Ans ✓ 1. વિભાગીયકરણ દ્વારા વિશિષ્ટ શાસન વ્યવસ્થા પર ભાર

✗ 2. માત્ર રાજા દ્વારા જ કેન્દ્રીકૃત શાસન માટેની પ્રાધાન્યતા

✗ 3. વહીવટમાં પ્રત્યક્ષ સૈન્ય દેખરેખ પર ધ્યાન

✗ 4. તમામ અધિકારીઓ માટે વંશપરંપરાગત હોદ્દાઓ પર નિર્ભરતા

Q.38 માર્ચ 2026 માં, કેન્દ્રીય કેબિનેટે JJM 2.0 હેઠળ ગ્રામીણ વિસ્તારમાં પીવાના પાણીના પુરવઠા ક્ષેત્ર (rural drinking water supply sector) માં માળખાકીય સુધારાઓ (structural reforms) પર ધ્યાન કેન્દ્રિત કરીને સુધારેલા આઉટલે અને રિસ્ટ્રક્ચર કરેલા અમલીકરણ (restructured implementation) સાથે જલ જીવન મિશન (JJM) ને _____ સુધી લંબાવવા (એક્સટેન્ડ કરવા) ની મંજૂરી આપી.

Ans ✗ 1. ડિસેમ્બર 2030

✗ 2. ડિસેમ્બર 2026

✓ 3. ડિસેમ્બર 2028

✗ 4. ડિસેમ્બર 2027

Q.39 એક વિદ્યાર્થી નોંધે છે કે ચંદ્ર પર અવાજ સાંભળી શકાતો નથી. આનું મુખ્ય કારણ શું છે?

Ans ✗ 1. ગુરુત્વાકર્ષણની ગેરહાજરી

✗ 2. પ્રકાશની ગેરહાજરી

✓ 3. માધ્યમની ગેરહાજરી

✗ 4. દબાણની ગેરહાજરી

Q.40 અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં, ભોગાવો અને સાબરમતી નદીઓની વચ્ચે આવેલું કયું પ્રાચીન સિંધુ ખીણની સભ્યતાનું સ્થળ તેના અનન્ય ગોદી માટે જાણીતું છે?

Ans ✓ 1. લોથલ

✗ 2. હડપ્પા

✗ 3. કાલીબંગન

✗ 4. મોહેંજો-દડો

Q.41 બજેટ 2026-27 માં ગુજરાતની માર્ગ-ક્ષેત્ર પહેલ હેઠળ નીચેનામાંથી કયો પ્રસ્તાવ રજૂ કરાયો હતો?

Ans ✗ 1. મુખ્ય રાજ્ય ધોરીમાર્ગોની સાથે સોલર પાર્કનું વિસ્તરણ

✗ 2. ખેત પેદાશો માટે સમર્પિત માલવાહક કોરિડોરનું નિર્માણ

✓ 3. આબોહવા-સ્થિતિસ્થાપક (climate-resilient) માર્ગ નિર્માણ માટે નવી ટેકનોલોજીનો ઉપયોગ

✗ 4.
ગ્રામીણ માર્ગોની સાથે સિંચાઈ નેટવર્કનો વિકાસ

**Q.42** **2026 માં ક્લાઉડ મોનેટ (Claude Monet) ના અવસાનની 100મી એનિવર્સરી (anniversary) નિમિત્તે કઈ ઓસ્ટ્રેલિયન ગેલેરીએ એક ભવ્ય એક્ઝિબિશન (major exhibition) નું આયોજન કર્યું હતું?**

Ans
✔ 1. જીલોંગ ગેલેરી (Geelong Gallery)

✘ 2. નેશનલ ગેલેરી ઓફ વિક્ટોરિયા (National Gallery of Victoria)

✘ 3. ક્વીન્સલેન્ડ આર્ટ ગેલેરી (Queensland Art Gallery)

✘ 4. આર્ટ ગેલેરી ઓફ ન્યૂ સાઉથ વેલ્સ (Art Gallery of New South Wales)

**Q.43** **જુલાઈ 2026માં, પાટણમાં આવેલી રાણી કી વાવ પ્રોજેક્ટને 17મા વર્લ્ડ ઑફ વેડિંગ્સ (WOW) એવૉર્ડ્સ એશિયા 2026માં કઈ કેટેગરીમાં ગોલ્ડ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો?**

Ans
✔ 1. એચિવમેન્ટ ઇન ઓડિયો-વિઝ્યુઅલ ફૉર એન ઇવેન્ટ

✘ 2. એચિવમેન્ટ ઇન હેરિટેજ કન્ઝર્વેશન

✘ 3. એચિવમેન્ટ ઇન ટુરિઝમ પ્રમોશન

✘ 4. એચિવમેન્ટ ઇન મ્યુઝિયમ ઇનોવેશન

**Q.44** **દેવગઢ મંદિરની સરખામણીમાં, સાંચીના મંદિર સાથે કઈ વિશેષતા જોડાયેલી છે?**

Ans
✘ 1. ગર્ભગૃહની ઉપર ઊંચું શિખર

✔ 2. સાદી સપાટ છત ધરાવતી રચના

✘ 3. પ્રવેશદ્વાર પર નદી દેવીઓની આકૃતિઓ

✘ 4. ગૌણ મંદિરો સાથેનું પંચાયતન સ્થાપત્ય

**Q.45** **જૂન 2026 માં, નેશનલ સ્ટેટિસ્ટિકલ કમિશન (NSC)નાં અધ્યક્ષ (Chairperson) તરીકે કોની નિમણૂક કરવામાં આવી હતી?**

Ans
✘ 1. રાજીવ લક્ષ્મણ કરંદીકર (Rajeeva Laxman Karandikar)

✘ 2. માધવન મુકુંદ

✘ 3. સી. રંગરાજન

✔ 4. સૈબલ ચટ્ટોપાધ્યાય (Saibal Chattopadhyay)

**Q.46** **જાન્યુઆરી 2026 માં, નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ના ડાયરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી હતી?**

Ans
✘ 1. સદાનંદ દાતે

✘ 2. તપન ડેકા

✘ 3. વિવેક શ્રીવાસ્તવ

✔ 4. રાકેશ અગ્રવાલ

**Q.47** **ઐતિહાસિક અહેવાલો અનુસાર, બંગાળના નવાબ પદ પરથી હટાવવામાં આવ્યા પછી મીર કાસિમે તરત જ કયું પગલું ભર્યું હતું?**

Ans
✘ 1. તેણે મુઘલ સમ્રાટ સમક્ષ આત્મસમર્પણ કરી દીધું

✔ 2. તેમણે અવધના નવાબ પાસે આશ્રય લીધો

✘ 3. તેણે ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે એક નવી સંધિ પર હસ્તાક્ષર કર્યા

✘ 4. તેણે બિહારમાં એક અલગ રાજ્યની સ્થાપના કરી

**Q.48** **એપ્રિલ 2026 માં, વિજ્ઞાન અને ટેકનોલોજીના કેન્દ્રીય મંત્રીએ કઈ સંસ્થામાં BIRAC-BioNEST ઇન્ક્યુબેશન સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું?**

**Ans**
- ✗ 1. નેશનલ કેમિકલ લેબોરેટરી (NCL)
- ✗ 2. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રિશન (NIN)
- ✗ 3. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc)
- ✓ 4. સેન્ટ્રલ ફૂડ ટેક્નોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (CFTRI)

**Q.49** **મે 2026માં ઈટાલીના વેનિસમાં કયું પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય કલા પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું?**

**Ans**
- ✓ 1. 61મું આંતરરાષ્ટ્રીય કલા પ્રદર્શન
- ✗ 2. 51મું આંતરરાષ્ટ્રીય કલા પ્રદર્શન
- ✗ 3. 66મું આંતરરાષ્ટ્રીય કલા પ્રદર્શન
- ✗ 4. 56મું આંતરરાષ્ટ્રીય કલા પ્રદર્શન

**Q.50** **નીચેનામાંથી કયો, ભારતના બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનાં હેતુઓ પૈકી એક છે?**

**Ans**
- ✓ 1. નાગરિકોને સમાન રીતે ન્યાય મળે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય મફત કાનૂની સહાય સેવાઓ રજૂ કરે છે.
- ✗ 2. નાગરિકોના મૂળભૂત અધિકારોનો વ્યાપ (scope) વધારવા માટે સંસદ બંધારણમાં સુધારો કરે છે.
- ✗ 3. સામાન્ય ચૂંટણીઓ દરમિયાન સમગ્ર રાજ્યોમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ યોજાય તે માટે ચૂંટણી પંચ ચૂંટણીનું સંચાલન કરે છે.
- ✗ 4. અદાલત બંધારણીય જોગવાઈઓ હેઠળ વાણી સ્વાતંત્ર્યનું ઉલ્લંઘન કરતા કાયદાને રદબાતલ જાહેર (strikes down) કરે છે.

**Q.51** **નીચેનામાંથી કઈ આંતરજનિત ભૂ-સ્વરૂપીય પ્રક્રિયા (અંતર્ભૂત પ્રક્રિયા) છે?**

**Ans**
- ✗ 1. ધોવાણ (Erosion)
- ✗ 2. નિક્ષેપણ (Deposition)
- ✓ 3. જ્વાળામુખીયતા (Volcanism)
- ✗ 4. અપક્ષય (Weathering)

**Q.52** **બેસ્ટ કન્ટ્રીઝ ઇન્ડેક્સ દ્વારા કયા દેશને 'વર્ષ 2026 માં વિશ્વનો શ્રેષ્ઠ દેશ' (Best Country in the World 2026) તરીકે પ્રથમ ક્રમ આપવામાં આવ્યો હતો?**

**Ans**
- ✗ 1. જાપાન
- ✗ 2. યુનાઈટેડ સ્ટેટ્સ
- ✓ 3. સ્વિટ્ઝર્લેન્ડ
- ✗ 4. કેનેડા

**Q.53** **નીચેનામાંથી કયો 'હિંદ છોડો આંદોલન' (Quit India Movement) નો તાત્કાલિક ઉદ્દેશ્ય હતો?**

**Ans**
- ✗ 1. પ્રાંતીય સ્વાયત્તતા (Provincial autonomy)
- ✓ 2. બ્રિટિશ શાસનનો તાત્કાલિક અંત (Immediate end of British rule)
- ✗ 3. સંસ્થાનિક સ્વરાજ્ય (Dominion Status)
- ✗ 4. જવાબદાર સરકાર (Responsible Government)

**Q.54** **નીચેનામાંથી કઈ બાબત ભારતના બંધારણ હેઠળ સ્વતંત્રતાના અધિકારની એક વિશેષતા છે?**

**Ans**
- ✓ 1. કાયદા દ્વારા લાદવામાં આવેલા વાજબી પ્રતિબંધોને આધીન નાગરિકો સ્વતંત્રતાઓનો ઉપયોગ કરી શકે છે.
- ✗ 2. નાગરિકો ફક્ત શાંતિ અને સ્થિરતાના સમયમાં જ સ્વતંત્રતાનો ઉપયોગ કરી શકે છે.
- ✗ 3. સરકારની મંજૂરી પછી જ નાગરિકો સ્વતંત્રતાનો ઉપયોગ કરી શકે છે.
- ✗ 4. નાગરિકો કાયદા દ્વારા લાદવામાં આવેલા કોઈપણ નિયંત્રણો વિના સ્વતંત્રતાઓનો ઉપયોગ કરી શકે છે.

**Q.55** **વ્યાપારી બેંકો (commercial banks)એ તેમની થાપણો (deposits)માંથી કેટલા નાણાં ધિરાણ તરીકે આપવા તે નક્કી કરતી વખતે કઈ બાબતો વચ્ચે સંતુલન જાળવવું જોઈએ?**

**Ans**
- ✓ 1. નિયમનકારી અને કાર્યકારી (operational) જરૂરિયાતોને પૂર્ણ કરવાની જરૂરિયાત
- ✗ 2. વધુ વળતર (higher returns) મેળવવા માટે તમામ થાપણોનું ધિરાણ (lending) કરવાનો ઉદ્દેશ્ય
- ✗ 3. પર્યાપ્ત અનામત (adequate reserves) રાખ્યા વિના થાપણોનું ધિરાણ કરવાનો ઉદ્દેશ્ય
- ✗ 4. સુરક્ષા માટે તમામ થાપણો અનામત (in reserve) રાખવાની જરૂરિયાત

**Q.56** **2026 ની કેરળ વિધાનસભા ચૂંટણીમાં, કયા ગઠબંધને બહુમતી બેઠકો મેળવી?**

**Ans**

❌ 1. ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ ફ્રન્ટ (Democratic Progressive Front)

❌ 2. નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (National Democratic Alliance)

❌ 3. લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (Left Democratic Front)

✔ 4. યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (United Democratic Front)

**Q.57** **કઈ વિશિષ્ટ કૃષિ પ્રવૃત્તિ વૈશ્વિક નિકાસ માટે શ્રેષ્ઠ જાતિઓ, પશુચિકિત્સા તબીબી સંભાળ અને વૈજ્ઞાનિક પ્રક્રિયા પર ભાર મૂકવા સાથે ચોક્કસ પ્રકારના પ્રાણી પર ધ્યાન કેન્દ્રિત કરે છે?**

**Ans**

❌ 1. નિર્વાહ ડેરી ખેતી (Subsistence dairy farming)

❌ 2. વિસ્તૃત અનાજની ખેતી (Extensive grain farming)

❌ 3. વિચરતું પશુપાલન (Nomadic herding)

✔ 4. વાણિજ્યિક પશુપાલન (Commercial livestock rearing)

**Q.58** **ગુજરાતનું કયું ગુફા હેરિટેજ સ્થળ 'એભલ મંડપ (Ebhal Mandap)' અને 'ચૈત્ય ગૃહ (Chaitya Gruh)' નાં ઉદાહરણો માટે જાણીતું છે?**

**Ans**

❌ 1. બાવા પ્યારા ગુફા (Bavapyara Cave)

✔ 2. તળાજા ગુફા (Talaja Cave)

❌ 3. ખંભાલીડા ગુફા (Khambhalida Cave)

❌ 4. ઉપરકોટ ગુફા (Uperkot Cave)

**Q.59** **વાર્તા કહેવાના પ્રદર્શનોમાં ઉપયોગમાં લેવાતી ફાડ (Phads) ચિત્રકારી બનાવવા માટે પરંપરાગત રીતે કયો સમૂહ જવાબદાર છે?**

**Ans**

❌ 1. ભોપા (The Bhopas)

✔ 2. જોશી (The Joshis)

❌ 3. મેઘવાળ (The Meghwals)

❌ 4. રબારી (The Rabaris)

**Q.60** **ભારતના વિકાસના આયોજન (Development Planning) માં ઔદ્યોગિકીકરણ મુખ્યત્વે કઈ રીતે રોજગારીમાં ફાળો આપશે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી?**

**Ans**

❌ 1. કૃષિ ક્ષેત્રે રોજગારીની તકોનું વિસ્તરણ કરીને

✔ 2. કૃષિ ક્ષેત્રમાંથી વધારાના શ્રમિકોનો અન્ય ક્ષેત્રોમાં સમાવેશ કરીને

❌ 3. ટ્રેડ યુનિયનો દ્વારા રોજગારી વધારીને

❌ 4. જાહેર ક્ષેત્રમાં વધારાની નોકરીઓનું સર્જન કરીને

## Section : **Quantitative Aptitude**

**Q.61** **એક ચૂંટણીમાં કુલ 900 મતો પડ્યા હતા. જો ઉમેદવાર B ને 270 મતો મળ્યા હોય, તો ઉમેદવાર B એ કુલ મતોના કેટલા ટકા મતો મેળવ્યા હતા?**

**Ans**

✔ 1. 30%

❌ 2. 40%

❌ 3. 10%

❌ 4. 20%

**Q.62** **કાટકોણ ત્રિકોણ ABC માં બાજુઓ AB, BC, અને AC ના માપ અનુક્રમે 3 cm, 4 cm, અને 5 cm છે, તો sin C નું મૂલ્ય કેટલું થાય?**

**Ans**

❌ 1. 0.5

✔ 2. 0.6

❌ 3. 0.75

❌ 4. 0.8

**Q.63** જો ત્રિકોણના આધાર (base) નું માપ 16 cm હોય અને ઊંચાઈ 12.5 cm હોય, તો તેનું ક્ષેત્રફળ શોધો.

Ans
❌ 1. 140 ચોરસ સેન્ટીમીટર

❌ 2.
120 ચોરસ સેન્ટીમીટર

✔ 3.
100 ચોરસ સેન્ટીમીટર

❌ 4.
80 ચોરસ સેન્ટીમીટર

**Q.64** બે ત્રિકોણોના પાયા સમાન છે, અને તેમની ઊંચાઈઓનો ગુણોત્તર 1:2 છે. જો બીજા ત્રિકોણનું ક્ષેત્રફળ 48 $cm^2$ હોય, તો પહેલા ત્રિકોણનું ક્ષેત્રફળ _____ થાય.

Ans
❌ 1. 22 $cm^2$

❌ 2. 26 $cm^2$

❌ 3. 28 $cm^2$

✔ 4. 24 $cm^2$

**Q.65** એક વેપારી એક વસ્તુ પડતર કિંમત પર 20% નફો લઈને ₹2760 માં વેચે છે. તો તે વસ્તુની પડતર કિંમત કેટલી હશે?

Ans
❌ 1. ₹2100

❌ 2. ₹2200

❌ 3. ₹2400

✔ 4. ₹2300

**Q.66** એક ફ્લીટ વેન (fleet van) પ્રથમ 100 km નું અંતર 50 km/h ની ઝડપે, ત્યારપછીના 80 km નું અંતર 40 km/h ની ઝડપે અને અંતિમ 60 km નું અંતર 30 km/h ની ઝડપે કાપે છે. જો સમગ્ર મુસાફરી દરમિયાન (આરામ સહિત) કુલ સરેરાશ ઝડપ 30 km/h હોય, તો ડ્રાઇવરે આરામ કરવા માટે વિતાવેલો કુલ સમય શોધો.

Ans
❌ 1. 3 કલાક

❌ 2.
3.5 કલાક

✔ 3.
2 કલાક

❌ 4.
2.5 કલાક

**Q.67** એક ખરીદનાર 33 રમકડાંની કિંમત ચૂકવે છે પરંતુ તેને 36 રમકડાં મળે છે. આ વ્યવહાર પર કેટલા ટકા નફો થયો હશે? (તમારા જવાબને નજીકની પૂર્ણાંક સંખ્યામાં આવરી લો.)

Ans
❌ 1. 10%

❌ 2. 11%

✔ 3. 9%

❌ 4. 8%

**Q.68** જો સમીકરણો $x^2 - 9x + 20 = 0$ અને $x^2 - ax + 16 = 0$ માં બરાબર એક જ બીજ સામાન્ય (common) હોય, અને તે સામાન્ય બીજ (common root) 5 હોય, તો a નું મૂલ્ય શોધો.

Ans
✔ 1. $\frac{41}{5}$

❌ 2. $\frac{21}{5}$

❌ 3. $\frac{29}{5}$

❌ 4. $\frac{37}{5}$

Q.69 ₹1500 ની રકમને X, Y, અને Z વચ્ચે 5:3:2 ના ગુણોત્તરમાં વહેંચવાની છે. તો X ને Z કરતાં કેટલા રૂપિયા વધુ મળશે?

Ans
✔ 1. ₹450
✘ 2. ₹400
✘ 3. ₹250
✘ 4. ₹150

Q.70 જો ₹8,000 ની રકમનું અર્ધવાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતા વાર્ષિક 8% ના વ્યાજ દરે 1 વર્ષ માટે રોકાણ કરવામાં આવે, તો મળતું ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું થશે?

Ans
✘ 1. ₹816.32
✔ 2. ₹652.80
✘ 3. ₹800.00
✘ 4. ₹640.00

Q.71 નીચે આપેલી અભિવ્યક્તિમાં $x$ નું શક્ય મૂલ્ય (possible value) શોધો.

$$\frac{(87999^2 - x^2)}{87998} = 88000$$

Ans
✘ 1. 87999
✘ 2. 87998
✔ 3. 1
✘ 4. 88000

Q.72 (2, 4) અને (6, 8) ને જોડતા રેખાખંડનું મધ્યબિંદુ (midpoint) શું છે?

Ans
✘ 1. (4, 5)
✘ 2. (3, 5)
✘ 3. (5, 6)
✔ 4. (4, 6)

Q.73 જો α અને β એ $2x^2 - 10x + 8 = 0$ ના બીજ હોય, તો $(\alpha-\beta)^2$ શોધો.

Ans
✘ 1. 16
✘ 2. 36
✘ 3. 25
✔ 4. 9

Q.74 49 અને 196 વચ્ચેનું મધ્યમ પ્રમાણપદ શોધો.

Ans
✘ 1. 45
✘ 2. 65
✔ 3. 98
✘ 4. 49

Q.75 જો એક ચોરસની પરિમિતિ (perimeter) 116 cm હોય, તો ચોરસનું ક્ષેત્રફળ શોધો.

Ans
✔ 1. 841 ચોરસ સેન્ટીમીટર
✘ 2. 811 ચોરસ સેન્ટીમીટર
✘ 3. 861 ચોરસ સેન્ટીમીટર
✘ 4. 821 ચોરસ સેન્ટીમીટર

Q.76 જો a, 8, 12, અને 24 પ્રમાણમાં હોય, તો a નું મૂલ્ય શું છે?

Ans
✔ 1. 4
✘ 2. 6
✘ 3. 8
✘ 4. 12

Q.77 જો કોઈ કાર 2 કલાકમાં 63 કિલોમીટરનું અંતર કાપે, તો તેની સરેરાશ ઝડપ કેટલી હશે?

Ans
✘ 1. 41.5 km/h
✘ 2. 21.5 km/h
✔ 3. 31.5 km/h
✘ 4. 11.5 km/h

Q.78 એક રોકાણકાર બે જુદી-જુદી યોજનાઓમાં 2 વર્ષ માટે કુલ ₹50,000 નું રોકાણ કરે છે. યોજના 1 માં વાર્ષિક 8% ના દરે સાદું વ્યાજ મળે છે, જ્યારે યોજના 2 માં વાર્ષિક 10% ના દરે ચક્રવૃદ્ધિ વ્યાજ (જે વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામે છે) મળે છે. જો 2 વર્ષ પછી બંને યોજનાઓમાંથી મળતું કુલ વ્યાજ ₹9,100 હોય, તો યોજના 2 માં કેટલી રકમનું રોકાણ કરવામાં આવ્યું હતું?

Ans
✘ 1. ₹25,000
✔ 2. ₹22,000
✘ 3. ₹24,000
✘ 4. ₹20,000

Q.79 જમીન પરના એક બિંદુથી એક ઇમારતની ટોચના ઉત્સેધકોણનું માપ 30° છે. ઇમારત તરફ 40 m ચાલ્યા પછી, ઉત્સેધકોણનું માપ 60° થાય છે. તો ઇમારતની ઊંચાઈ (m માં) કેટલી હશે?

Ans
✘ 1. $40\sqrt{3}$
✘ 2. $30\sqrt{3}$
✔ 3. $20\sqrt{3}$
✘ 4. $50\sqrt{3}$

Q.80 નીચેનામાંથી કઈ પરિસ્થિતિ તેનું ઉદાહરણ છે, જ્યાં અવર્ગીકૃત ડેટા (ungrouped data) નો કોઈ બહુલક ન હોઈ શકે?

Ans
✘ 1. બે મૂલ્યોની સમાન સંખ્યામાં સૌથી વધુ આવૃત્તિ (same highest frequency) થાય છે.
✔ 2.
ડેટા સેટમાં તમામ મૂલ્યો ભિન્ન હોય છે.
✘ 3. એક મૂલ્ય અન્ય મૂલ્યો કરતાં વધુ વખત (more than others) આવે છે.
✘ 4.
સૌથી મોટું મૂલ્ય અન્ય તમામ મૂલ્યો કરતાં વધુ વખત આવે છે.

Q.81 A, B અને C ઇન્ડિવિજ્યુઅલી (individually - વ્યક્તિગત રીતે) એક કામ અનુક્રમે 12 દિવસ, 18 દિવસ અને 36 દિવસમાં પૂરું કરી શકે છે. તેઓ એકસાથે કામ શરૂ કરે છે, પરંતુ 4 દિવસ પછી C કામ છોડી દે છે. તો બાકી રહેલું કામ પૂરું કરવા માટે A અને B ને હજુ કેટલા વધુ દિવસ લાગશે?

Ans
✘ 1. 3
✘ 2. 3.6
✔ 3. 2.4
✘ 4. 2

Q.82 એક જાહેર પુસ્તકાલયે 40 દિવસ સુધી દરરોજ તપાસેલા પુસ્તકોની સંખ્યા નોંધી હતી. 200 પુસ્તકોના ધારેલા મધ્યક સાથે ધારી લીધેલ મધ્યક પદ્ધતિનો ઉપયોગ કરતાં, (∑fidi)નું મૂલ્ય 120 છે. જો કુલ આવૃત્તિ (∑fi) 40 હોય, તો દરરોજ તપાસેલા પુસ્તકોની વાસ્તવિક મધ્યક સંખ્યા કેટલી છે?

Ans
✘ 1. 197 પુસ્તકો
✘ 2. 200 પુસ્તકો
✘ 3. 206 પુસ્તકો
✔ 4. 203 પુસ્તકો

**Q.83** ત્રણ મિત્રો એક દીવાલને અનુક્રમે 12, 6, અને 4 કલાકમાં રંગી શકે છે. જો ત્રણેય મિત્રો સાથે મળીને કામ કરે, તો તે દીવાલને રંગવામાં કેટલો સમય લાગશે?

**Ans**

❌ 1. 3 કલાક

❌ 2.
6 કલાક

✔ 3.
2 કલાક

❌ 4.
4 કલાક

**Q.84** એવી સૌથી નાની પાંચ-અંકની સંખ્યા કઈ છે, જેને 12, 15, અને 18 વડે ભાગતાં દરેક વખતે 4 શેષ વધે?

**Ans**

✔ 1. 10084

❌ 2. 10004

❌ 3. 10064

❌ 4. 10044

**Q.85** એક હોડીને પ્રવાહની દિશામાં 14 km નું અંતર કાપતા 2 કલાક લાગે છે. પ્રવાહની ઝડપ 3 km/h છે. તો સ્થિર પાણીમાં હોડીની ઝડપ શોધો.

**Ans**

❌ 1. 7 km/h

❌ 2. 10 km/h

✔ 3. 4 km/h

❌ 4. 3 km/h

**Q.86** એક પરિવારની માસિક આવક ₹40,000 છે અને તેમનો ખર્ચ ₹32,000 છે. આગામી મહિને, તેમની આવકમાં 20% નો વધારો અને ખર્ચમાં 10% નો વધારો થાય છે. તો બચતની નવી ટકાવારી શોધો. (જવાબને બે દશાંશ સ્થાન સુધી આવરી લો.)

**Ans**

✔ 1. 26.67%

❌ 2. 24.67%

❌ 3. 25.67%

❌ 4. 27.67%

**Q.87** એક દુકાનદાર એક વસ્તુ પર તેની પડતર કિંમત કરતાં 40% વધુ કિંમત છાપે છે. તે છાપેલી કિંમત પર 10% વળતર આપે છે અને છતાં ₹819 નફો મેળવે છે. તે વસ્તુની પડતર કિંમત કેટલી હશે?

**Ans**

✔ 1. ₹3150

❌ 2. ₹3050

❌ 3. ₹3250

❌ 4. ₹3350

**Q.88** 7 નો ઘન (cube) કેટલો થાય?

**Ans**

❌ 1. 512

❌ 2. 213

✔ 3. 343

❌ 4. 421

**Q.89** એક રકમ વાર્ષિક 5% ના સાદા વ્યાજના દરે 4 વર્ષમાં ₹9,600 થાય છે. તે મુદ્દલ શોધો.

**Ans**

❌ 1. ₹7,200

✔ 2. ₹8,000

❌ 3. ₹9,000

❌ 4. ₹8,800

Q.90 એક સ્ટોરેજ ટાંકીને પાઈપ X દ્વારા 10 કલાકમાં અને પાઈપ Y દ્વારા 12 કલાકમાં ભરી શકાય છે. એક આઉટલેટ પાઈપ Z ટાંકીને 15 કલાકમાં ખાલી કરી શકે છે. જો ત્રણેય પાઈપો એકસાથે ખોલવામાં આવે, તો ખાલી ટાંકી ભરવામાં કેટલો સમય લાગશે?

Ans

✗ 1. $\frac{64}{5}$ કલાક

✗ 2. 8 કલાક

✗ 3. $\frac{50}{7}$ કલાક

✓ 4. $\frac{60}{7}$ કલાક

Section : **Reasoning**

Q.91 એક સચોટ ઘડિયાળ સવારના 3:52 am વાગ્યાનો સમય દર્શાવે છે. તે જ દિવસે જ્યારે ઘડિયાળ સવારના 10:36 am વાગ્યાનો સમય દર્શાવે, ત્યારે કલાકનો કાંટો કેટલા અંશ ફરશે?

Ans

✗ 1. 190°

✓ 2. 202°

✗ 3. 196°

✗ 4. 184°

Q.92 A, B, C, D અને E પૈકી દરેકની ઊંચાઈ અલગ-અલગ છે. D એ B કરતાં ઊંચો છે પણ A કરતાં નીચો છે. ફક્ત E એ B કરતાં નીચો છે. A એ સૌથી ઊંચો નથી. તો તેમાંથી સૌથી ઊંચો કોણ છે?

Ans

✗ 1. E

✗ 2. B

✗ 3. D

✓ 4. C

Q.93 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચેની ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ તે એક જૂથ બનાવે છે. નીચેનામાંથી કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર-સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી.)

Ans

✗ 1. LG-JE

✗ 2. MH-KF

✗ 3. RR-PP

✓ 4. DV-HS

Q.94 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે અમુક ચોક્કસ તર્કને અનુસરીને, GD 8 એ JB 12 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, MJ 15 એ PH 19 સાથે સંબંધિત છે. આ સમાન તર્કને અનુસરીને, RN 11 એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

Ans

✗ 1. TL 15

✗ 2. UM 15

✓ 3. UL 15

✗ 4. UL 14

Q.95 P, Q, R, S અને T પૈકી દરેકની ઊંચાઈ અલગ-અલગ છે. P એ S કરતાં ઊંચો છે પણ Q કરતાં નીચો છે. R એ S કરતાં નીચો છે પણ T કરતાં ઊંચો છે. તો તેમાંથી સૌથી ઊંચો કોણ છે?

Ans

✗ 1. R

✗ 2. P

✓ 3. Q

✗ 4. T

Q.96 આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે.

MUG JAR TIP LOT

ડાબી બાજુથી પ્રથમ શબ્દના ત્રીજા અક્ષર અને જમણી બાજુથી પ્રથમ શબ્દના પહેલા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ કેટલા અક્ષરો આવે છે?

Ans
1. એક ✗
2. ચાર ✓
3. એક પણ નહીં ✗
4. બે ✗

Q.97 નીચે આપેલા વિકલ્પોમાંથી એવો વિકલ્પ પસંદ કરો કે જેમાં આપેલા નામ અને સરનામાની બધી વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.

Mr. Suresh K. Sharma
Plot No. 45, Vasant Vihar Phase 2,
12, Station Road, Civil Lines,
Nagpur, Maharashtra - 440001

Ans
1. Mr. Sures K. Sharma, Plot No. 45, Vasant Vihar Phase 2, 12, Station Road, Civil Lines, Nagpur, Maharashtra - 440001 ✗
2. Mr. Suresh K. Sharma, Plot No. 45, Vasant Vihar Phase 2, 12, Station Road, Civil Lines, Nagpur, Maharastra - 440001 ✗
3. Mr. Suresh K. Sharma, Plot No. 45, Vasant Vihar Phase 2, 12, Station Road, Civil Lines, Nagpur, Maharashtra - 440001 ✓
4. Mr. Suresh K. Sharma, Plot No. 54, Vasant Vihar Phase 2, 12, Station Road, Civil Lines, Nagpur, Maharashtra - 440001 ✗

Q.98 **GARDENIA** શબ્દમાં ડાબી બાજુએથી જમણી બાજુ ગણતરી કરતાં પ્રથમ, ત્રીજા, પાંચમા અને સાતમા અક્ષરોનો ઉપયોગ કરીને અંગ્રેજીના કેટલા અર્થપૂર્ણ ચાર અક્ષરવાળા શબ્દો બનાવી શકાશે? શરત એ છે કે દરેક શબ્દમાં બધા જ અક્ષરોનો ઉપયોગ થવો જોઈએ અને દરેક અક્ષરનો એક શબ્દમાં માત્ર એક જ વાર ઉપયોગ કરવો.

Ans
1. બે કરતાં વધુ ✗
2. એક ✗
3. એક પણ નહીં ✓
4. બે ✗

Q.99 જો 1 જાન્યુઆરી 2005 ના રોજ શનિવાર હોય, તો 1 જાન્યુઆરી 2015 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

Ans
1. શુક્રવાર ✗
2. ગુરુવાર ✓
3. બુધવાર ✗
4. શનિવાર ✗

Q.100 નીચે બે સંખ્યાઓના સેટ આપેલા છે. દરેક સંખ્યાઓના સેટમાં, પ્રથમ સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ લાગુ કરીને બીજી સંખ્યા મેળવવામાં આવે છે. એજ રીતે, બીજી સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ લાગુ કરીને ત્રીજી સંખ્યા મેળવવામાં આવે છે અને એ જ પ્રમાણે આ ક્રિયાનું અનુસરણ કરવામાં આવે છે. કયો વિકલ્પ એ સમાન ક્રિયાઓને અનુસરે છે જે પ્રશ્નમાં આપેલા સેટ દ્વારા અનુસરવામાં આવી છે?
(નોંધ – બે/ત્રણ અંકોની સંખ્યાને ક્રિયાઓ માટે વ્યક્તિગત અંકોમાં વિભાજિત કરી શકાતી નથી. ઉદાહરણ તરીકે, જો 37 પછી 10 આવે, તો ઓપરેશન 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં વિભાજિત કરી શકાતી નથી.)

5 – 25 – 35 – 45 ; 3 – 9 – 19 – 29

Ans
1. 2 – 8 – 18 – 28 ✗
2. 6 – 16 – 24 – 36 ✗
3. 7 – 49 – 59 – 79 ✗
4. 4 – 16 – 26 – 36 ✓

Q.101 આ પ્રશ્નમાં, નીચે આપેલ સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર કૂટ (કોડ)નો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કૂટબદ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કૂટ (કોડ)નું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે. જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

| સંખ્યા/પ્રતીક | & | 4 | 7 | $ | 5 | + | @ | 1 |
|---|---|---|---|---|---|---|---|---|
| કૂટ (કોડ) | T | H | R | M | V | K | D | P |

શરતો–
(i) જો પહેલો ઘટક એ પ્રતીક હોય અને છેલ્લો ઘટક એ એક સંખ્યા હોય, તો આ કિસ્સામાં બે ઘટકો (પ્રથમ અને છેલ્લા ઘટકો)નાં કોડને એકબીજા સાથે બદલવા પડશે.
(ii) જો પહેલો ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એ એક બેકી સંખ્યા હોય, તો પહેલા અને છેલ્લા ઘટકોને © તરીકે કૂટબદ્ધ કરવું પડશે.
(iii) બીજા અને ત્રીજા બંને ઘટકો જો પૂર્ણ વર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટક માટે જે કોડ છે તેનાથી કૂટબદ્ધ કરવું પડશે.

@ 1 4 + 6

Ans
1. Q H H K D
2. Q P P K D
3. D H H K D
4. D P H K Q

Q.102 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. તો કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર-સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
1. OUA
2. LRX
3. KQW
4. VBI

Q.103 જેનિસનો તેના વર્ગમાં સૌથી ઉપરથી 25મો અને સૌથી નીચેથી 26મો ક્રમ છે. તો વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ હશે?

Ans
1. 49
2. 51
3. 50
4. 48

Q.104 નીચે આપેલી અક્ષર, સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે. (બધી સંખ્યાઓ ફક્ત એક અંકની સંખ્યાઓ છે)
(ડાબી બાજુ) Ω Z U M E W M 8 & ∞ ¥ ≠ F V ÷ & Ω ≥ 3 Ω L ≠ Δ 5 (જમણી બાજુ)
એવા કેટલા પ્રતીકો છે જે દરેકની તરત જ પહેલા એક સંખ્યા આવે છે અને તરત જ પછી એક અક્ષર પણ આવે છે?

Ans
1. ચાર
2. ત્રણ
3. એક
4. બે

Q.105 S એ Y ના પિતા છે. Y એ G ની માતા છે. G એ D ની બહેન છે. D એ Q નો ભાઈ છે. તો S એ Q સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
1. માતાની માતા
2. પિતાના પિતા
3. પિતાની માતા
4. માતાના પિતા

**Q.106** **નીચે આપેલી અક્ષર શ્રેણી જુઓ અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી માત્ર ડાબેથી જમણે કરવાની છે.**
**(ડાબી બાજુ) K O I S N K E R U M E O J X E J A P D U C I R H U I (જમણી બાજુ)**
**એવા કેટલા વ્યંજન છે, જે દરેકની તરત જ પહેલાં એક સ્વર આવે છે અને તરત પછી પણ એક સ્વર આવે છે?**

**Ans**
- ✗ 1. ત્રણ
- ✗ 2. બે
- ✗ 3. એક
- ✓ 4. ચાર

**Q.107** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમ ધરાવતા બે વિધાનો આપેલા છે. વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં તે તમારે નક્કી કરવાનું છે. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ પસંદ કરો.**

**વર્ષ "M" માં 1લી માર્ચના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?**
**વિધાન I: વર્ષ 'M' માં 1 લી ફેબ્રુઆરીના રોજ રવિવાર છે.**
**વિધાન II: વર્ષ “M” એ લિપ વર્ષ છે.**

**Ans**
- ✓ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ 2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.108** **નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવી શકે તેવું સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય નીચેનામાંથી કયું હશે?**

**21.05 x 7.95 - 55.02 + 14.99 = ?**

**Ans**
- ✗ 1. 145
- ✗ 2. 160
- ✗ 3. 112
- ✓ 4. 128

**Q.109** **આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.**
**(ડાબી બાજુ) 526 743 318 695 462 (જમણી બાજુ)**
**(દાખલા તરીકે- 697 – પ્રથમ અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)**

**જો સૌથી નાની સંખ્યાનો બીજો અંક સૌથી મોટી સંખ્યાના ત્રીજા અંકમાં ઉમેરવામાં આવે, તો શું પરિણામ આવશે?**

**Ans**
- ✓ 1. 4
- ✗ 2. 5
- ✗ 3. 8
- ✗ 4. 7

**Q.110** નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોને નીચે આપેલા અક્ષર કોડનો ઉપયોગ કરીને અને નીચે આપેલી શરતો મુજબ કોડમાં લખવામાં આવે છે. શરતોને અનુસતા કોડ્સનું સાચું સંયોજન તમારો જવાબ રહેશે.
નોંધ: જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડ્સને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવાના છે.

સંખ્યા/પ્રતીક 6 # 2 @ 9 % 4 & 1 $ 8 + 5 7

કોડ Q M B T W P D F H R A U K L

શરતો –
(i) જો પ્રથમ ઘટક ત્રીજા ઘટક કરતાં મોટો હોય, તો પ્રથમ અને ત્રીજા ઘટકોના કોડની પરસ્પર અદલાબદલી કરો.
(ii) જો બરાબર બે પ્રતીકો હોય, તો છેલ્લા ઘટકના કોડને બદલીને પ્રથમ ઘટકનો કોડ લો..
(iii) જો મધ્ય ઘટક પ્રતીક હોય, તો પ્રથમ ઘટકને © તરીકે કોડમાં લખો.

9 2 + 5 %

**Ans**
✗ 1. ©BPKU
✗ 2. ©BUUP
✗ 3. WBUKP
✓ 4. ©BUKW

**Q.111** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં તે તમારે નક્કી કરવાનું છે. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
"Water" શબ્દનો કોડ શું છે?

વિધાન I: "Drink Water" ને "nu za" તરીકે કોડ કરવામાં આવે છે.
વિધાન II: "Water Clear" ને "za ki" તરીકે કોડબદ્ધ કરવામાં આવે છે.

**Ans**
✗ 1. વિધાનો I અને II બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.
✓ 2. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✗ 3. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
✗ 4. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.

**Q.112** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંક ધરાવતા બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો.
પ્રશ્ન:
A એ B સાથે કઈ રીતે સંબંધિત છે?

વિધાન I: A એ C નો એકમાત્ર પુત્ર છે, અને C એ B નો ભાઈ છે.
વિધાન II: B એ D ની એકમાત્ર પુત્રી છે.

**Ans**
✗ 1. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✓ 2. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✗ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.113 આ પ્રશ્ન નીચે આપેલી ચાર-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 4371 7329 5684 6248 3892 (જમણી બાજુ)
(ઉદાહરણ - 6971 – પ્રથમ અંક = 6, બીજો અંક = 9, ત્રીજો અંક = 7 અને ચોથો અંક = 1)

જો દરેક સંખ્યાના પ્રથમ અંકમાં 2 ઉમેરવામાં આવે, તો કેટલી સંખ્યાઓમાં નવો પ્રથમ અંક બીજા અંકથી બરાબર વિભાજ્ય રહેશે?

Ans
❌ 1. બે
❌ 2. એક
❌ 3. એક પણ નહીં
✔ 4. ત્રણ

Q.114 નીચે આપેલા વિકલ્પોમાંથી એવો વિકલ્પ પસંદ કરો કે જેમાં આપેલા નામ અને સરનામાની બધી વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.

Mr. Debashish K. Bhattacharjee, Flat 6C, Swabhumi Residency, 89/2 Rashbehari Avenue, Gariahat, Kolkata, West Bengal – 700029

Ans
✔ 1. Mr. Debashish K. Bhattacharjee, Flat 6C, Swabhumi Residency, 89/2 Rashbehari Avenue, Gariahat, Kolkata, West Bengal – 700029
❌ 2. Mr. Debashish K. Bhattacherjee, Flat 6C, Swabhumi Residency, 89/2 Rashbehari Avenue, Gariahat, Kolkata, West Bengal – 700029
❌ 3. Mr. Debashish K. Bhattacharjee, Flat 6C, Swabhumi Residency, 89/2 Rashbehari Avenue, Gariahat, Kolkata, West Bengal – 700092
❌ 4. Mr. Debashish K. Bhattacharjee, Flat 6C, Swabhumi Residency, 89/2 Rashbehari Avenue, Gariahat, Kolkatta, West Bengal – 700029

Q.115 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમ ધરાવતા બે વિધાનો આપેલા છે. વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં તે તમારે નક્કી કરવાનું છે. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: વર્ષ “M” માં 1લી જાન્યુઆરીના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?
વિધાન (I): વર્ષ “M-1” માં 31 મી ડિસેમ્બરના રોજ શુક્રવાર હતો.
વિધાન (II): વર્ષ “M” એ લિપ વર્ષ છે.

Ans
❌ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
❌ 2. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✔ 3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
❌ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.116 નીચે આપેલી અક્ષર, સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને નીચેના પ્રશ્નનો જવાબ આપો. ગણતરી માત્ર ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે. તમામ સંખ્યાઓ માત્ર એક-અંકની સંખ્યાઓ છે.
(ડાબી બાજુ) T A 4 ∞ Ω B B 4 J N 7 J S ∞ 8 Ω ≠ ∞ Y ≤ U 4 ≥ P (જમણી બાજુ)
એવા કેટલા પ્રતીકો છે, જેમાંના દરેકની તરત જ પહેલાં એક સંખ્યા આવે છે અને તરત જ પછી એક અક્ષર પણ આવે છે?

Ans
✔ 1. એક
❌ 2. બે
❌ 3. ત્રણ
❌ 4. ચાર

Q.117 જો 8 માર્ચ 2015ના રોજ રવિવાર હતો, તો 21 ઑગસ્ટ 2015ના રોજ અઠવાડિયાનો કયો દિવસ હતો?

Ans
❌ 1. શનિવાર
✔ 2. શુક્રવાર
❌ 3. બુધવાર
❌ 4. ગુરુવાર

**Q.118** E, G, I, L, V અને Y, પૈકી દરેકે અલગ-અલગ ગુણ મેળવ્યા છે. Y અને E ની વચ્ચે માત્ર ત્રણ જ વ્યક્તિઓએ ગુણ મેળવ્યા છે, જેમાંના કોઈ પણ વ્યક્તિએ સૌથી વધુ ગુણ મેળવ્યા નથી. V પછી તરત જ વધુ ગુણ મેળવનાર વ્યક્તિ G છે. V અને L ની વચ્ચે માત્ર ત્રણ વ્યક્તિઓએ ગુણ મેળવ્યા છે. V એ Y કરતાં ઓછા ગુણ મેળવ્યા છે.
તો I કરતાં ઓછા ગુણ મેળવનાર વ્યક્તિઓની સંખ્યા કેટલી હશે?

Ans
- ✗ 1. એક
- ✓ 2. ત્રણ
- ✗ 3. બે
- ✗ 4. ચાર

**Q.119** એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમમાં બે વિધાનો આપેલા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.
એક ચોક્કસ કોડ ભાષામાં,'sun' માટેનો કોડ શું છે?

(I) 'sun moon star'ને કોડમાં 'pa qa ra' તરીકે લખવામાં આવે છે. 'cloud moon rain'ને કોડમાં 'qa sa ta' તરીકે લખવામાં આવે છે.
(II) 'wind star cloud' ને કોડમાં 'ra sa ua' તરીકે લખવામાં આવે છે.

Ans
- ✗ 1. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
- ✓ 2. વિધાનો I અને II બંનેની માહિતી એકસાથે (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ 3. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
- ✗ 4. વિધાનો I અને II બંનેની માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.120** એક ચોક્કસ તર્ક મુજબ 9 એ 78 સાથે સંબંધિત છે. આ જ તર્કને અનુસરીને, 11 એ 118 સાથે સંબંધિત છે. તો સમાન તર્ક મુજબ, નીચેનામાંથી 7 કોની સાથે સંબંધિત છે?
(નોંધ: તમામ ગાણિતિક ક્રિયાઓ આખી સંખ્યા પર જ કરવાની રહેશે, સંખ્યાઓને તેના અલગ-અલગ અંકોમાં વિભાજીત કરીને નહીં. દા.ત. 13 પર ગાણિતિક ક્રિયાઓ જેવી કે સરવાળો/બાદબાકી/ગુણાકાર વગેરે કરી શકાય છે. પરંતુ 13 ને 1 અને 3 માં વિભાજીત કરીને તેના પર ગાણિતિક ક્રિયાઓ કરવાની મંજૂરી નથી)

Ans
- ✗ 1. 49
- ✗ 2. 56
- ✓ 3. 46
- ✗ 4. 53

**Q.121** T, U, V, W, X અને Y એક જ ઇમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને નંબર આપેલા છે, આ અનુક્રમમાં સૌથી ઉપરના માળનો નંબર 6 છે. Y અને U વચ્ચે ફક્ત બે લોકો રહે છે. Xની ઉપર ફક્ત W રહે છે. V બેકી નંબરવાળા માળ પર રહે છે. Y સૌથી નીચેના માળ પર રહે છે.
T અને W વચ્ચે કેટલા લોકો રહે છે?

Ans
- ✗ 1. ત્રણ
- ✗ 2. એક
- ✗ 3. ચાર
- ✓ 4. બે

**Q.122** F, G, H, I, T, U અને V એક વર્તુળાકાર ટેબલના કેન્દ્ર તરફ મોં કરીને તેની ફરતે બેસે છે. G એ V ની તરત ડાબી બાજુ બેસે છે. G એ I ની જમણી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. H એ U ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે. F એ U ની તરત બાજુમાં બેસતો નથી. નીચેનામાંથી કોણ T અને I બંનેની તરત બાજુમાં બેસે છે?

Ans
- ✗ 1. H
- ✓ 2. U
- ✗ 3. F
- ✗ 4. G

Q.123 નીચે આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારી લો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય, અને નક્કી કરો કે આપેલા તારણોમાંથી કયું તારણ/તારણો વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.

વિધાન: કેટલાક ખેતરો, બગીચા છે. કોઈ બગીચો, જમીન નથી.

તારણ (I) : કેટલાક ખેતરો, જમીન છે.
તારણ (II) : કેટલાક બગીચા, ખેતરો છે

Ans
✔ 1. ફક્ત તારણ (II) અનુસરે છે.
✘ 2. ન તો તારણ (I) કે ન તો તારણ (II) અનુસરે છે.
✘ 3. ફક્ત તારણ (I) અનુસરે છે.
✘ 4. (I) અને (II) બંને તારણો અનુસરે છે.

Q.124 નીચેના શબ્દો/શબ્દસમૂહોની તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવણી દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.

1. રનવે
2. ફ્લાઇટમાં બોર્ડિંગ કરવું
3. ચેક-ઇન
4. ટેકઓફ
5. એર ટર્બ્યુલન્સ

Ans
✘ 1. 2, 3, 1, 4, 5
✘ 2. 3, 2, 4, 1, 5
✔ 3. 3, 2, 1, 4, 5
✘ 4. 3, 1, 2, 4, 5

Q.125 નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?)નાં સ્થાને આવશે?

MYA 3, NXB 6, OWC 9, PVD 12, ?

Ans
✘ 1. QVE 15
✔ 2. QUE 15
✘ 3. PUE 15
✘ 4. QUD 14

Q.126 જો '+' નો અર્થ '–', '–' નો અર્થ '×', '×' નો અર્થ '÷' અને '÷' નો અર્થ '+' હોય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ની જગ્યાએ શું આવશે?

4 – 3 + 16 × 2 ÷ 3 = ?

Ans
✘ 1. 4
✘ 2. 2
✔ 3. 7
✘ 4. 5

Q.127 નીચે આપેલી સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી માત્ર ડાબેથી જમણે કરવાની છે. બધી સંખ્યાઓ માત્ર એક અંકની સંખ્યાઓ છે.
(ડાબી બાજુ) 7 $ 3 # @ 9 & 4 2 * % 8 £ 1 ^ 6 (જમણી બાજુ)
એવા કેટલા પ્રતીકો છે જેમાંના દરેકની તરત પહેલાં એક સંખ્યા આવે છે અને તરત પછી એક પ્રતીક પણ આવે છે?

Ans
✘ 1. એક
✘ 2. એક પણ નહીં
✘ 3. બે કરતાં વધુ
✔ 4. બે

Q.128 ઉત્તર તરફ મોં રાખીને બેઠેલા 63 લોકોની એક હરોળમાં, તરુણ જમણા છેડેથી 19મા ક્રમે છે. તરુણ તેની ડાબી બાજુએ પાંચમા ક્રમે બેઠેલી વ્યક્તિ સાથે પરસ્પર સ્થિતિ બદલે છે. નીચેની ખાલી જગ્યા ભરો. જમણા છેડેથી તરુણની નવી સ્થિતિ ______ છે.

Ans
❌ 1. 23મી
❌ 2. 22મી
❌ 3. 25મી
✅ 4. 24મી

Q.129 આપેલા શબ્દો અંગ્રેજી ભાષાના શબ્દકોશમાં જે ક્રમમાં આવે છે તે મુજબ સાચો ક્રમ દર્શાવતો વિકલ્પ પસંદ કરો.
1. Village
2. Apple
3. Horse
4. Drum

Ans
❌ 1. 1, 4, 3, 2
❌ 2. 2, 1, 3, 4
✅ 3. 2, 4, 3, 1
❌ 4. 2, 3, 4, 1

Q.130 આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન '?' ના સ્થાને શું આવવું જોઈએ?

2100, 2150, 2250, 2400, 2600, ?

Ans
❌ 1. 2750
✅ 2. 2850
❌ 3. 2550
❌ 4. 2650

Q.131 N એ O ની પત્ની છે. O એ P ના પિતા છે. P એ Q નો ભાઈ છે. તો N નો Q સાથે શું સંબંધ છે?

Ans
✅ 1. માતા
❌ 2. માતાની માતા
❌ 3. પિતા
❌ 4. બહેન

Q.132 સાત બોક્સ A, B, I, J, N, O અને P ને એકબીજાની ઉપર રાખવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. O ની ઉપર ફક્ત ત્રણ બોક્સ મૂકવામાં આવ્યા છે. O અને N ની વચ્ચે ફક્ત બે બોક્સ મૂકવામાં આવ્યા છે. I ની ઉપર ફક્ત A ને મૂકવામાં આવ્યું છે. P ને B ની નીચેના કોઈ એક સ્થાને અને J ની ઉપરના કોઈ એક સ્થાને મૂકવામાં આવ્યું છે. J અને B ની વચ્ચે કેટલા બોક્સ મૂકવામાં આવ્યા છે?

Ans
❌ 1. ત્રણ
✅ 2. બે
❌ 3. એક
❌ 4. ચાર

Q.133 પાંચ લોકો A, G, M, S અને Y, ઉત્તર તરફ મુખ કરીને એક હરોળમાં બેઠા છે. Y ની જમણી બાજુએ માત્ર ત્રણ લોકો બેઠા છે. S એ G ની તરત જમણી બાજુએ બેઠો છે. S અને M વચ્ચે માત્ર બે લોકો બેઠા છે. હરોળના છેક જમણા છેડે કોણ બેઠું છે?

Ans
❌ 1. S
✅ 2. A
❌ 3. M
❌ 4. G

Q.134 નીચે આપેલી અક્ષર, સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે. (બધી સંખ્યાઓ ફક્ત એક અંકની સંખ્યાઓ છે.)

(ડાબી બાજુ) F N B 6 $ ÷ D Ω S ≥ 7 ≠ N W T ≤ ≥ ± $ G S Z 3 Z (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીક છે, જે દરેકની તરત જ પહેલાં એક અક્ષર આવે છે અને તરત જ પછી એક સંખ્યા પણ આવે છે?

Ans
✗ 1. ચાર
✓ 2. એક
✗ 3. બે
✗ 4. ત્રણ

Q.135 C, E, R, T, A, I અને N માંથી દરેકની પરીક્ષા અઠવાડિયાના અલગ-અલગ દિવસે છે, જે સોમવારથી શરૂ થઈને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે. E અને T ની વચ્ચે માત્ર ત્રણ વ્યક્તિઓની પરીક્ષા છે. N અને C ની વચ્ચે માત્ર ત્રણ વ્યક્તિઓની પરીક્ષા છે. A ની પરીક્ષા T પહેલાંના કોઈક દિવસે અને R પછીના કોઈક દિવસે છે. માત્ર I ની પરીક્ષા C પહેલાં છે. A પહેલાં કેટલા લોકોની પરીક્ષા છે?

Ans
✗ 1. એક
✗ 2. ત્રણ
✗ 3. બે
✓ 4. ચાર

Q.136 મિ. બેઈક બિંદુ A થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને પશ્ચિમ દિશા તરફ 15 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબી બાજુ વળાંક લે છે અને 18 km ડ્રાઈવ કરે છે, ડાબી બાજુ વળાંક લે છે અને 19 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબી બાજુ વળાંક લે છે અને 24 km ડ્રાઈવ કરે છે. તે છેલ્લી વાર ડાબી બાજુ વળાંક લે છે, 4 km ડ્રાઈવ કરે છે અને બિંદુ P પર થોભે છે. ફરીથી બિંદુ A પર પહોંચવા માટે તેણે કેટલું અંતર (લઘુતમ અંતર) કાપવું પડશે અને કઈ દિશામાં વાહન ચલાવવું જોઈએ? (તમામ વળાંક માત્ર 90-ડિગ્રીના વળાંક છે, સિવાય કે નિર્દિષ્ટ હોય.)

Ans
✗ 1. 6 km ઉત્તર દિશા તરફ
✓ 2. 6 km દક્ષિણ દિશા તરફ
✗ 3. 8 km દક્ષિણ દિશા તરફ
✗ 4. 8 km ઉત્તર દિશા તરફ

Q.137 જો '+' અને '−' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

85 × 5 + 3 ÷ 4 − 11 = ?

Ans
✗ 1. 14
✓ 2. 16
✗ 3. 12
✗ 4. 8

Q.138 શબ્દ **RACKLEYS** માં રહેલા દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત પછીના અક્ષરમાં બદલવામાં આવે છે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત પહેલાના અક્ષરમાં બદલવામાં આવે છે. આ રીતે બનતા અક્ષર સમૂહમાં નીચેનામાંથી કયો અક્ષર બરાબર બે વખત આવશે?

Ans
✗ 1. R
✓ 2. B
✗ 3. F
✗ 4. Q

Q.139 એક ચોક્કસ કોડ ભાષામાં, 'EARS' ને '5183' તરીકે કોડ કરવામાં આવે છે અને 'RAMS' ને '1638' તરીકે કોડ કરવામાં આવે છે. તો આપેલી કોડ ભાષામાં 'M' માટે કોડ શું છે?

Ans
✗ 1. 3
✗ 2. 8
✗ 3. 1
✓ 4. 6

Q.140 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
"Tree" શબ્દ માટેનો કોડ શું છે?

વિધાન I: “Tall Tree” ને કોડમાં “fu ga” તરીકે લખવામાં આવે છે.
વિધાન II: “Tall Boy” ને કોડમાં “ga ti” તરીકે લખવામાં આવે છે.

Ans
✗ 1. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✓ 2. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે (એકલા વિધાન I અથવા એકલા વિધાન II ની માહિતી નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✗ 3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 4. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.141 જો શબ્દ DAMPISH ના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે તો કેટલા અક્ષરોનું સ્થાન અપરિવર્તિત રહેશે?

Ans
✓ 1. એક પણ નહીં
✗ 2. ત્રણ
✗ 3. બે
✗ 4. એક

Q.142 રવિ બિંદુ Y થી શરૂઆત કરે છે અને પશ્ચિમ દિશા તરફ 19 km વાહન ચલાવે છે. ત્યાંથી તેઓ ડાબી તરફ વળે છે અને 57 km વાહન ચલાવે છે. ત્યારબાદ તેઓ જમણી તરફ વળે છે અને 43 km વાહન ચલાવે છે. તેઓ ફરીથી જમણી તરફ વળીને 57 km વાહન ચલાવે છે, પછી ડાબી તરફ વળીને 22 km વાહન ચલાવે છે અને બિંદુ Z પર અટકે છે. ફરીથી બિંદુ Y પર પહોંચવા માટે તેમણે કેટલા અંતરે (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં વાહન ચલાવવું પડશે? (જ્યાં સુધી સ્પષ્ટ ન કર્યું હોય ત્યાં સુધી તમામ વળાંકો માત્ર 90-ડિગ્રીના જ છે)

Ans
✗ 1. 81 km પૂર્વ તરફ
✓ 2. 84 km પૂર્વ તરફ
✗ 3. 89 km પશ્ચિમ તરફ
✗ 4. 91 km પશ્ચિમ તરફ

Q.143 નીચે આપેલી જોડીઓના બે સમૂહો જે પેટર્ન અનુસરે છે, તેવી જ પેટર્ન અનુસરતી જોડી પસંદ કરો. બંને જોડીઓ સમાન પેટર્ન અનુસરે છે.

BGL : GLQ
FKP : KPU

Ans
✗ 1. JOF : OTJ
✗ 2. DKR : IPU
✗ 3. PWB : UBH
✓ 4. HNS : MSX

Q.144 PLATFORM શબ્દમાં ડાબેથી જમણે ગણતા, તેના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમા અક્ષરોનો ઉપયોગ કરીને ચાર-અક્ષરના અર્થપૂર્ણ કેટલા અંગ્રેજી શબ્દો બનાવી શકાય, દરેક શબ્દમાં ચારેય અક્ષરોનો ઉપયોગ કરવાનો છે પરંતુ દરેક અક્ષર માત્ર એક જ વાર વાપરવાનો છે?

Ans
✗ 1. બે કરતાં વધુ
✗ 2. બે
✗ 3. એકેય નહીં
✓ 4. એક

**Q.145** **એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,**
**A + B નો અર્થ થાય છે કે 'A એ B નો પતિ છે'**
**A – B નો અર્થ થાય છે કે 'A એ B ની પુત્રી છે'**
**A x B નો અર્થ થાય છે કે 'A એ B ના પિતા છે'**
**A ÷ B નો અર્થ થાય છે કે 'A એ B નો પુત્ર છે'**
**આપેલી માહિતીને આધારે, જો 'P x Q ÷ R – S + T' હોય, તો P એ T સાથે કેવી રીતે સંબંધિત છે?**

**Ans**
✔ 1. પુત્રીનો પતિ
✘ 2. બહેનનો પતિ
✘ 3. પિતાના ભાઈ
✘ 4. માતાના ભાઈ

**Q.146** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને યોગ્ય જવાબ નક્કી કરો.**

**પ્રશ્ન:**
**P એ Q સાથે કેવી રીતે સંબંધિત છે?**

**વિધાન I: P અને R બહેનો છે.**
**વિધાન II: Q એ Rના પિતા છે.**

**Ans**
✘ 1. વિધાનો I અને II બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.
✘ 2.
વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
✘ 3.
વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
✔ 4.
વિધાનો I અને II બંને એકસાથે લેતા (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

**Q.147** **4267381 સંખ્યાના દરેક અંકોને ડાબી બાજુથી જમણી બાજુ ચઢતા ક્રમમાં ગોઠવવામાં આવે છે. મૂળ સંખ્યાની સરખામણીમાં કેટલા અંકોનું સ્થાન યથાવત રહેશે?**

**Ans**
✘ 1. એક પણ નહીં
✔ 2. એક
✘ 3. બે
✘ 4. ત્રણ

**Q.148** **અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, આપેલ શ્રેણીમાં પ્રશ્નચિહ્ન '?'ની જગ્યાએ શું આવવું જોઈએ?**

**HRE LVI PZM TDQ XHU ?**

**Ans**
✔ 1. BLY
✘ 2. BLX
✘ 3. BKY
✘ 4. ALY

**Q.149** **નીચે આપેલા શબ્દોને અંગ્રેજી ભાષાના શબ્દકોશના ક્રમ મુજબ ગોઠવતાં કયો વિકલ્પ સાચો ક્રમ દર્શાવે છે?**

**1. Monkey**
**2. Chair**
**3. Star**
**4. Egg**

**Ans**
✘ 1. 3, 4, 1, 2
✘ 2. 1, 4, 2, 3
✔ 3. 2, 4, 1, 3
✘ 4. 2, 3, 1, 4

**Q.150** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**પ્રશ્ન:**
**"Happy" શબ્દ માટેનો કોડ શું છે?**

**વિધાન I: “Happy Boy” ને કોડમાં “le sa” તરીકે લખવામાં આવે છે.**
**વિધાન II: “Sad Boy” ને કોડમાં “sa ro” તરીકે લખવામાં આવે છે.**

**Ans**

✗ 1. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી

✗ 2. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✓ 3. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે (એકલા વિધાન I અથવા એકલા વિધાન II ની માહિતી નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✗ 4. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

"